# સેલ્સ અને માર્કેટિંગ મેનેજર

સેલ્સ અને માર્કેટિંગ એ એક મહત્વની કામગીરી છે જે સેવા/ઉત્પાદનનું માર્કેટિંગ કરવા અને માંગને વેચાણમાં રૂપાંતરિત કરવા પર કેન્દ્રિત છે. સેલ્સ અને માર્કેટિંગ મેનેજરો માર્કેટિંગ વ્યૂહરચના વિકસાવે છે, બજાર સંશોધન કરે છે, પ્રચાર-પ્રસાર તેમજ જાહેરાતો વિકસાવે છે તેમજ જનસંપર્કને લગતી કામગીરી પણ સંભાળે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમને લોકોને સમજાવવા અથવા પ્રભાવિત કરવાનો પ્રયાસ કરવો ગમે છે
- તમને સ્વતંત્ર રીતે કામ કરવું ગમે છે
- તમે એક કુશળ સંવાદકર્તા છો
- તમે તમારા માટે નવા લક્ષ્યો નક્કી કરવા માંગો છો

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧,૦૦,૦૦૦ થી ૩,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

વેચાણ ક્ષેત્રે કારકિર્દી શરૂ કરવા માટે સ્નાતક થવું ફરજિયાત નથી, પરંતુ આ ક્ષેત્રમાં કારકિર્દીના વિકાસ માટે સ્નાતકની ડિગ્રી (BBA, B.Com., BBM વગેરે ઇચ્છનિય છે ) અને સેલ્સ અને માર્કેટિંગના વિશેષ અભ્યાસક્રમો કરવા જરૂરી છે.

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. કોઈપણ વિદ્યાશાખામાંથી સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો, ત્યારબાદ પી.જી. ડિપ્લોમા/ બિઝનેસ એડમિનિસ્ટ્રેશનમાં અનુસ્નાતક (MBA)ની ડિગ્રી મેળવો.

સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે, તમારે નીચે પૈકીની એક પ્રવેશ પરીક્ષામાં યોગ્યતા પ્રાપ્ત કરવી આવશ્યક છેઃ સી.ઈ.ટી., એસ.ઈ.ટી., ડિ.યુ. જે.એ.ટી., એસ.ઈ.ટી.વગેરે.

સ્નાતકોત્તર અભ્યાસક્રમમાં પ્રવેશ માટે, તમારે નીચેની કોઈપણ પરીક્ષામાં યોગ્યતા પ્રાપ્ત કરવી આવશ્યક છેઃ કેટ/ એક્સ.એ.ટી./ જીમેટ/ એસ.એન.એ.પી./ એન.એમ.એ.ટી./સી.એમ.એ.ટી.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપલે આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

સેલ્સ અને માર્કેટિંગ મેનેજરનું અંદાજીત માસિક વેતન **રૂ. ૨૪,૦૦૦ થી ૮૪,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત:https://www.payscale.com/research/IN/Job=Sales_and_Marketing_Manager/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ઉદ્યોગ ગૃહો, બહુ રાષ્ટ્રીય કંપનીઓ, ખાનગી કંપનીઓ, કોર્પોરેશનો, બેંકો વગેરે.

**કાર્યસ્થળનું વાતાવરણઃ** આ ડેસ્ક જોબ નથી. તમારે સ્થાનિક/દેશવ્યાપી મુસાફરી કરવી પડી શકે છે. તમારે ટીમનું નેતૃત્વ કરવું પડી શકે છે. કામના કલાકો દરરોજ બદલાય છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

સેલ્સ રિપ્રેઝન્ટેટિવ → સેલ્સ સુપરવાઈઝર → એરિયા સેલ્સ મેનેજર → પ્રાદેશિક સેલ્સ મેનેજર/ઝોનલ સેલ્સ મેનેજર → જનરલ સેલ્સ મેનેજર → સેલ્સ ડિરેક્ટર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

સેલ્સ એન્ડ માર્કેટિંગ એક્ઝિક્યુટિવ, સેલ્સ એન્ડ માર્કેટિંગ મેનેજર, સેલ્સ એન્ડ માર્કેટિંગ સ્પેશ્યાલિસ્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ વ્યવસ્થાપન અથવા વાણિજ્ય વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. આઈ.આઈ.એમ., અમદાવાદ
૨. એમએસયુ, વડોદરા
૩. આઈ.આઈ.એમ., કોલકાતા
૪. ડિપાર્ટમેન્ટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, આઈ.આઈ.ટી., દિલ્હી
૫. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
૬. આઈ.આઈ.એમ., કોઝિકોડ
૭. આઈ.આઈ.એમ., લખનૌ
૮. કેએસકેવીકેયુ, કચ્છ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. નવરચના યુનિવર્સિટી (એનયુવી), વડોદરા
૨. પી.પી. સવાણી યુનિવર્સિટી, સુરત
૩. અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેટ્સ, અમદાવાદ
૪. યુનિવર્સિટી ઓફ ટેકનોલોજી, જયપુર
૫. ઈન્સ્ટિટ્યુટ મેનેજમેન્ટ એન્ડ રીસર્ચ
૬. આઈ.બી.એમ.આર. આઈ.બી.એસ., બેંગલુરૂ
૭. આણંદ કૉમર્સ કૉલેજ, આણંદ
૮. નરસી મોંજી, મુંબઈ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

NPTEL* સ્વયમઃ https://onlinecourses.nptel.ac.in

- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in

મને સ્કેન કરો

વેબસાઇટ પર જુઓ

- https://anubandham.gujarat.gov.in
- PTEL* સ્વયમઃ https://onlinecourses.swayam2.ac.in/cec21_mg06/preview

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

## સાફલ્ય ગાથા

**ગૌતમ વિજ**, ટાયર થી શરૂ કરીને ઉપકરણો સુધીના અને છેલ્લે રેનબેક્સીમાં ગ્લોબલ કન્ઝ્યુમર હેલ્થકેર જેવા અનેક વિવિધ ક્ષેત્રોમાં સક્રિય રહ્યા છે. તેઓ ઉત્તર પ્રદેશ, ઉત્તરાંચલ, બિહાર, ઝારખંડ અને ઓડિશા જેવા રાજ્યોની કામગીરીની દેખરેખ રાખે છે. લખનૌથી મેનેજમેન્ટમાં ડિપ્લોમા સાથે વાણિજ્ય સ્નાતક, વિજ માને છે કે તે કોઈપણ સ્થિતિમાં કામ કરી શકે છે. તેમણે પોતાની કારકિર્દીની શરૂઆત ફિલિપ્સ લાઈટિંગ, ગોડફ્રે ફિલિપ્સ અને એમ.આર.એફ. ટાયર્સ સાથે એક ડિસ્ટ્રિબ્યુટર સેલ્સમેન તરીકે કરી અને પોતાના અનુભવ અને શીખને અમલમાં મૂકીને તેઓ વૈવિધ્યસભર ભૂમિકાઓ તરફ આગળ વધ્યા. તે હવે રેનબેક્સી સેન્ટ્રલમાં પ્રાદેશિક વેચાણ પ્રબંધક છે.*

સ્રોતઃhttps://economictimes.indiatimes.com/meet-indias-top-salesmen/articleshow/768185.cms

ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.